# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 25-08-2024 Morning : 7.45 to 7.55 AM
Day : Sunday National News

### આકાશવાણી- સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

****************************************************

- કેન્દ્રીય કેબિનેટે યુનિફાઇડ પેન્શન યોજનાને મંજૂરી આપી. દસ વર્ષ પછી નોકરી છોડનારાને પણ લઘુત્તમ પેન્શનનો લાભ આપવાની જોગવાઇ
- આજે મનકી બાતની 113મી કડીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આકાશવાણી પરથી પોતાના વિચારો રજુ કરશે..
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રના જલગાંવ અને રાજસ્થાનના જોધપુરની મુલાકાત લેશે
- બ્રાઝિલના વિદેશમંત્રી મૌરો વિયેરા ચાર દિવસીય ભારતની મુલાકાતે આજે નવીદિલ્હી પહોંચશે
- તન્વી પત્રી ચીનમાં ચાલી રહેલી એશિયા અંડર-15 જુનિયર ચેમ્પિયનશિપની સિંગલ્સની ફાઇનલમાં પહોંચી

****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CABINET

કેન્દ્રીય મંત્રીમંડળે  સરકારી કર્મચારીઓ માટે સંકલિત પેન્શન યોજનાને મંજૂરી આપી છે જેમાં પેન્શનની ખાતરી આપવામાં આવે છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણએ ગઈકાલે નવી દિલ્હીમાં કેબિનેટની બેઠક બાદ જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ ઓછામાં ઓછા 25 વર્ષની સેવા પૂર્ણ કરનારા કર્મચારીઓને છેલ્લા 12 મહિનાના સરેરાશ બેઝિક વેતનના 50 ટકા પેન્શન તરીકે આપવામાં આવશે. આ સિવાય કર્મચારીના મૃત્યુ બાદ કુટુંબ પેન્શન વધારીને 60 ટકા કરવામાં આવ્યું છે. ઓછામાં ઓછા 10 વર્ષની સેવા બાદ નિવૃત્તિ માટે, ઓછામાં ઓછા 10 હજાર  રૂપિયા પેન્શનની ખાતરી આપવામાં આવી છે. ખાતરી પૂર્વકના પેન્શન, કુટુંબ પેન્શન અને લઘુત્તમ પેન્શન પર મોંઘવારી ભથ્થું પણ ચૂકવવાપાત્ર હશે જે ઔદ્યોગિક કામદારોને લાગુ પડતા અખિલ ભારતીય ગ્રાહક ભાવ સૂચકાંક પર આધારિત હશે. નિવૃત્તિ સમયે ગ્રેચ્યુઇટી ઉપરાંત એક સામટી રકમ પણ ચૂકવવામાં આવશે. શ્રી વૈષ્ણવે કહ્યું કે આ યોજનાથી લગભગ 23 લાખ સરકારી કર્મચારીઓને ફાયદો થશે. આ યોજનાઆવતા વર્ષની પહેલી એપ્રિલથી લાગુ કરવામાં આવશે.

શ્રી વૈષ્ણવે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં અર્થતંત્ર, પર્યાવરણ અને રોજગાર નીતિ માટે બાયોટેકનોલોજી નીતિને મંજૂરી  આપવામાં આવી છે, જે ચોક્કસ ક્ષેત્રો માટે સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપશે.

તેનો હેતુ ટેકનોલોજીના વિકાસ અને વ્યાપારીકરણને પ્રોત્સાહન આપવા માટે બાયો-મેન્યુફેક્ચરિંગ, બાયો- મિકેનિકલ ઇન્ટેલિજન્સ કેન્દ્રો અને બાયો-ફાઉન્ડ્રીની સ્થાપના કરવાનો છે. તેનાથી દેશમાં કુશળ કામદારોની સંખ્યામાં વધારો થશે અને રોજગારીનું સર્જન થશે. આ ઉપરાંત ડીકાર્બોનાઇઝેશન અને પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી સંબંધિત સરકારી પહેલોને પણ પ્રોત્સાહન આપવામાં આવશે.

કેબિનેટે ત્રણ મોટી યોજનાઓને ચાલુ રાખવાની પણ મંજૂરી આપી છે જેને વિજ્ઞાન ધારા યોજનામાં ભેળવવામાં આવી છે. આ માટે 10 હજાર પાંચસો 79 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજનામાં વિજ્ઞાન અને ટેકનોલોજી સંસ્થાઓ અને માનવ ક્ષમતા નિર્માણ, સંશોધન અને વિકાસ અને નવીનતા, ટેકનોલોજી વિકાસનો સમાવેશ થાય છે.

# PM-CABINET MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશની પ્રગતિમાં સરકારી કર્મચારીઓના યોગદાનની પ્રશંસા કરી છે. ઈન્ટિગ્રેટેડ પેન્શન સ્કીમ એટલે કે સંકલિત પેન્શન યોજના અંગે કેબિનેટના નિર્ણય બાદ પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે આ યોજના સરકારી કર્મચારીઓની ગરિમા અને નાણાકીય સુરક્ષા સુનિશ્ચિત કરશે. તેમણે કહ્યું કે સરકાર તેના કર્મચારીઓના કલ્યાણ અને સુરક્ષિત ભવિષ્ય માટે પ્રતિબદ્ધ છે.

પ્રધાનમંત્રીએ  કહ્યું કે વિજ્ઞાન પ્રવાહ અંગે કેબિનેટના નિર્ણયથી યુવાનોમાં નવીનતા અને વૈજ્ઞાનિક સંશોધનને પ્રોત્સાહન મળશે. શ્રી મોદીએ કહ્યું કે પર્યાવરણ, અર્થતંત્ર અને આયોજન સંબંધિત બાયો ટેકનોલોજીનીતિથી બાયો-મેન્યુફેક્ચરિંગમાં દેશની ક્ષમતામાં વધારો થશે. તેમણે એમ પણ કહ્યું કેઆનાથી વૈજ્ઞાનિક, ઔદ્યોગિક અને સામાજિક  પ્રગતિને પ્રોત્સાહન મળશે.

Morning National  News 25-08-2024 at 7.45 - 7.55 AM-5

# JCM-PM MEET

કેન્દ્ર સરકારના કર્મચારીઓ સાથેસંકળાયેલી સંયુક્ત સલાહકાર મશીનરીના કર્મચારીઓ ગઈકાલે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા. સંસ્થાના રાષ્ટ્રીય સચિવ ગોપાલ  મિશ્રાએ સંકલિત પેન્શન યોજના અંગે સરકારના નિર્ણય અંગે આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમનો આ 113મો એપિસોડ છે. અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ આ કાર્યક્રમનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

# PM - MAHARSHTRA& RAJASTHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રના જલગાંવ અને રાજસ્થાનના જોધપુરની મુલાકાત લેશે. તેઓ જલગાંવમાં લખપતિ દીદી સંમેલનમાં ભાગ લેશે. શ્રી મોદી ત્યાં 11 લાખ લખપતિ દીદીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરશે. તે દેશભરના લખપતિ દીદીઓ સાથે પણ વાતચીત કરશે અને અઢી હજાર કરોડના ભંડોળની પણ શરૂઆત કરશે જેનાથી સ્વ- સહાય જૂથોના લગભગ 48 લાખ સભ્યોને ફાયદો થશે.

શ્રી મોદી 5 હજાર કરોડની બેંક લોનનું પણ વિતરણ કરશે, જેનો લાભ સ્વ-સહાય જૂથોના લગભગ 26 લાખ સભ્યોને થશે. લખપતિ દીદી યોજના શરૂ થઈત્યારથી એક કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવવામાં આવી છે. સરકારે ત્રણ કરોડ લખપતિ દીદી બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. પ્રધાનમંત્રી બપોરે રાજસ્થાનના જોધપુર પહોંચશે. તેઓ રાજસ્થાન વડી અદાલતના હીરક જયંતી સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. શ્રી મોદી રાજસ્થાન વડી અદાલતના સંગ્રહાલયનું પણ ઉદ્ઘાટન કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# BRAZIL FM-INDIAVISIT

બ્રાઝિલના વિદેશમંત્રી મૌરો વિયેરા ચાર દિવસીય ભારતની મુલાકાતે આજે નવી દિલ્હી પહોંચી રહ્યા છે. વિદેશ મંત્રી એસ. જયશંકર અને શ્રી વિયેરા મંગળવારે નવમી ભારત-બ્રાઝિલ સંયુક્ત આયોગની બેઠકની સહ-અધ્યક્ષતા કરશે.

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે બંને મંત્રીઓ આ વર્ષે બ્રાઝિલમાં યોજાનારી G-20 બેઠકમાં ભારતની અધ્યક્ષતામાં ગયા વર્ષની બેઠકના પરિણામોને આગળ લઈ જવા અંગે ચર્ચા કરશે. વિદેશ મંત્રાલયે કહ્યું કે બ્રાઝિલના વિદેશ મંત્રીની આ મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવા અને સહયોગની નવી સંભાવના ઊભી કરવાની તક પૂરી પાડશે.

# INDIA-SINGAPORE ROUND TABLE

ભારત-સિંગાપોર મંત્રીસ્તરીય ગોળમેજી બેઠકનો બીજો તબક્કો આવતીકાલે સિંગાપોરમાં યોજાશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ, વિદેશમંત્રી એસ જયશંકર, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ તથા રેલવે અને માહિતી પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ આ બેઠકમાં ભાગ લેશે. પ્રવાસ દરમિયાન તમામ કેન્દ્રીય મંત્રીઓ સિંગાપોરમાં તેમના સમકક્ષ મંત્રીઓ સાથે પણ બેઠક કરશે.-

# NASA-SPACEX MISSION

અમેરિકન અંતરીક્ષ સંસ્થા નાસાના બે અવકાશયાત્રીઓ - સુનિતા વિલિયમ્સ અને બેરી વિલ્મોર ફેબ્રુઆરી 2025 માં સ્પેસ એક્સ થી પૃથ્વી પર પાછા ફરશે. બંને અવકાશયાત્રીઓ આઠ દિવસના મિશન પર હતા, પરંતુ બોઇંગ સ્ટારલાઇનર અવકાશયાનમાં ખામી સર્જાવાને કારણે તેઓને લગભગ આઠ મહિના સુધી અવકાશમાં રહેવું પડશે. નાસાના જણાવ્યા અનુસાર સ્ટારલાઈનર ચાલક દળ વગર પૃથ્વી પર પરત ફરશે.

# BADMINTON-ASIA JN. C'SHIP

બેડમિન્ટન ખેલાડી તન્વી પત્રી ચીનના ચેંગડુમાં ચાલી રહેલી એશિયા અંડર-15 જુનિયર ચેમ્પિયનશિપની સિંગલ્સની ફાઇનલમાં પહોંચી ગઈ છે. સેમિફાઇનલમાં તેણે થાઇલેન્ડની કુંગકેવ કાકાનિકને 21-19, 21-10થી પરાજય આપ્યો હતો. ફાઇનલમાં તન્વીનો મુકાબલો વિયેતનામની  ન્ગુયેનથી તુ હુડગેન સામે થશે. ઉલ્લેખનીય છે કે અંડર-17 સિંગલ્સ સ્પર્ધામાં જ્ઞાન દત્તુ ટીટીએ કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

# અખબારોની ઝલક

- હવે સાંભળીએ આજના અખબારોમાં છપાયેલા મુખ્ય સમાચારો આજના મોટાભાગના વર્તમાનપત્રોમાં કેન્દ્રીય કેબિનેટે યુનિફાઇડ પેન્શન યોજનાને આપેલી મંજૂરીને મુખ્ય સમાચાર બનાવ્યાં છે. તમામ અખબારોએ પોતાના પ્રથમ પેજના મુખ્ય સમાચારમાં કર્માચારીઓને થનારા લાભોની છણાવટ કરી છે.
- જ્યારે ગુજરાત સમાચારે મોદીની યુક્રેનની મુલાકાત અંગેના સમચાર પ્રથમ પેજ પર લીધા છે
- જ્યારે નવગુજરાત સમાચારે વરસાદને કારણે થઇ રહેલી તબાહીના સમાચારને પણ પ્રથણ પેજ ઉપર કવર કર્યાં છે..
- દિવ્ય ભાસ્કરે આસામ દુષ્કર્મના કેસના આરોપીના આપઘાતના સમાચારને સ્થાન આપ્યું છે..
- રાજ્યના સમાચારોમાં ગુજરાત સમાચારે અને દિવ્ય ભાસ્કરે નબીરાઓ દ્વારા કારના કાફલા દ્વારા રિલ બનાવવાના સમાચારને પ્રાધાન્ય આપ્યું છે.
- દિવ્ય ભાસ્કરે સ્પેશ્યલ સ્ટોરી પ્રકાશિત કરી છે જેમાં મહિલા સુરક્ષાના 118 કરોડ રૂપિયાનું અન્યત્ર રોકાણ કરાયું હોવાનો અહેવાલ પ્રસિધ્ધ કર્યો છે..
- સંદેશમાં ઇમ્પેક્ટ ફી અંગેના સરકારના નિર્ણયના સમાચારને પ્રકાશિત કર્યા છે.. તેમજ ટીપી સ્કિમની નવી કાર્ય પધ્ધતિના ડ્રાફ્ટ તૈયાર થયો હોવાનો અહેવાલ છાપ્યો છે. તો આ હતા આજના સમાચારપત્રોમાં પ્રકાશિત થયેલા મુખ્ય. સમાચારો